# GOVERNMENT BBA COLLEGE

[Self-Finance & Affiliated to Gujarat University]
Shri K.K.Shastri Educational Campus, Khokhra Road, Maninagar (E), Ahmedabad-380008.
URL: https://www.gbbamaninagar.org/ Phone:079-264626660 E-Mail: gbba385@gmail.com


તા.૧૨/૦૭/૨૦૨૨

## ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q)માં રજીસ્ટ્રેશન કરાવવા અંગેની નોટીસ

આથી અત્રેની સરકારી બીબીએ કોલેજ(સ્વનિર્ભર)માં શૈક્ષણિક વર્ષ: ૨૦૨૨-૨૩ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, રાજ્યના વિદ્યાર્થીઓ તેજસ્વી, જ્ઞાનસમૃદ્ધ બને તે હેતુથી શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)" શુભારંભ તા:૦૭/૦૭/૨૦૨૨ ના રોજ સાયન્સ સીટી, ખાતેથી કરવામાં આવેલ છે.

### (G3Q) રજિસ્ટ્રેશન લીંક: www.g3q.co.in

### (G3Q) ક્વિઝ માટેની સૂચનાઓ અને વિશિષ્ટ ઇનામો:

- આ ક્વિઝ વિદ્યાર્થીઓ માટે દરરોજ યોજાશે અને સતત ૭૫ દિવસ સુધી ચાલશે.
- આ ક્વિઝ અઠવાડીયામા દર રવિવારથી ચાલુ થઈને દર શુક્રવારે સમાપ્ત થશે અને દર શનિવારે વિજેતા જાહેર થશે.
- ક્વિઝનો સમયગાળો ૨૦ મિનીટનો અને ક્વીઝમાં ૨૦ ક્વિઝ રહેશે.
- દરરોજ ૨૫૦ ક્વિઝની ડિઝીટલ પુસ્તિકા સ્પર્ધકોને માર્ગદર્શિકા તરીકે ઓનલાઈન પ્રાપ્ત થશે.
- દર અઠવાડિયે તાલુકા અને વોર્ડ કક્ષાના, શાળા અને કોલેજ/યુનિવર્સીટી વિભાગનાં દસ-દસ વિજેતા તથા અન્ય પ્રજાજન કેટેગરીના ૨૦ વિજેતાઓ જાહેર કરવામાં આવશે.
- તાલુકા અને વોર્ડ કક્ષાના વિજેતાઓ જીલ્લા કક્ષાની અને ત્યારબાદ રાજ્ય કક્ષાની ક્વિઝમાં ભાગ લઈ શકશે.
- તાલુકા કક્ષાના કોલેજના પ્રથમ વિજેતા ૩૧૦૦/- રૂપિયા, દ્વિતિય વિજેતાને ૨૧૦૦/- રૂપિયા અને તૃતીય વિજેતાને ૧૫૦૦/- રૂપિયા ઈનામ સ્વરૂપે આપવામાં આવશે.
- તાલુકા અને વોર્ડ કક્ષાના શાળા અને કોલેજ વિભાગના વિજેતામાંથી પ્રથમ , દ્વિતિય અને તૃતિય વિજેતા ની પસંદગી માટે ૦૯ રાઉન્ડ બાદ તાલુકા અને વોર્ડ કક્ષા એક ઓનલાઇન ક્વિઝનું આયોજન કરવામાં આવશે અને તેમાંથી પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતાની પસંદગી કરવામાં આવશે.

- કોલેજ કક્ષાના વિશિષ્ટ ઈનામો :
    - પ્રથમ વિજેતાને રૂ.૩,૦૦,૦૦૦ નુ ઈનામ
    - દ્વિતિય વિજેતાને રૂ.૨,૦૦,૦૦૦ નુ ઈનામ
    - તૃતિય વિજેતાને રૂ.૧,૦૦,૦૦૦ નું ઈનામ
- તાલુકા અને વોર્ડ કક્ષાના વિજેતાઓ જીલ્લા-મહાનગરપાલિકા કક્ષાની ક્વિઝમાં ભાગ લઈ શકશે. અને ત્યારબાદ રાજ્યકક્ષાની ક્વિઝમાં ભાગ લઇ શકશે.
- આ ક્વિઝ અઠવાડિયામાં ૬ દિવસ, દર રવિવારથી ચાલુ થઈને દર શુક્રવારે સમાપ્ત થશે અને દર શનિવારે વિજેતા જાહેર થશે.
- તમામ સ્પર્ધકોને ગુજરાત સરકાર લેવલે ડીઝીટલ પ્રમાણપત્ર આપવામાં આવશે.

❖ ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q) અંગેની વધુ માહિતી www.g3q.co.in વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

❖ ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)માં વિદ્યાર્થીઓએ સત્વરે રજીસ્ટ્રેશન કરાવી ભાગ લેવા સૂચિત કરવામાં આવે છે.

GOVT. B.B.A. COLLEGE * AHMEDABAD-8 *

(ડૉ. યોગેશ યાદવ)
આચાર્ય
સરકારી બીબીએ કોલેજ(સ્વનિર્ભર)
મણિનગર(પૂર્વ), અમદાવાદ